રજુ તારીખ :૭/૧૨/૨૦૨૦
દાખલ તારીખ :૭/૧૨/૨૦૨૦
ફૈંસલ તારીખ :૧૦/૭/૨૦૨૧
અવધિ : વર્ષ માસ દિવસ.

**અમદાવાદ (ગ્રામ્ય) ના સાતમાં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

**ફોજ. કેસ નં. ૯૩૯૧/૨૦૨૦**

આંક–પ

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિ રૂ ઘ્ધ.

આરોપી : વિશાલ લલ્લુભાઈ રબારી

**ગુનો : ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(અ) મુજબ**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા પ્રમાણેની તારીખ અને સમયે જાહેરમાં રોડ ઉપર પોતાની માલિકીની એક ગાય તથા હીરા વાછરડી ઘાટલોડિયા ગામ તથા હીરાબાગ સોસાયટી વિસ્તારમાં રોડ ઉપર પોતાના કબજાની રખડતી ભટરતી જાહેર રોડ ઉપર છુટી મૂકી દઈ ગુજરાત પોલીસ એકટની કલમ **૯૦(અ)** મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂઘ્ધ ગુનો બનતો હોય ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ઘ્વારા આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂઘ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે. અને જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરીએ છીએ, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.

૪. આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:આ ખ રી હું ક મ :–**

આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨પ૨ અન્વયે ગુજરાત પોલીસ એકટની કલમ **૯૦(અ)** મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી, રૂા. ૧૦૦./– અંકે રૂપિયા સો પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો તા. ૧૦ મી માહે જુલાઈ, સને 2021 ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૧૦/૭ /૨૦૨૧
અમદાવાદ (ગ્રામ્ય)

(પૃથુ શર્મા)
સાતમાં એડી.સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર